# સંતરામપુરમાં દીવાલો પર રાજકીય પોસ્ટરો યથાવત : તંત્રની કામગીરી સામે સવાલ

**ચિત્રો અને સ્લોગનથી** ખરડાયેલી દીવાલો દૂર કરવામાં તંત્રની આળસ




(પ્રતિનિધિ) સંતરામપુર તા.9

રાજ્યમાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણીની તારીખો જાહેર થતાં જ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. આમ છતાં, સંતરામપુર શહેરના વિવિધ વિસ્તારોમાં મકાનોની દીવાલો પર રાજકીય પક્ષોના પ્રચાર પોસ્ટરો હજુ પણ યથાવત જોવા મળી રહ્યા છે, જે આચારસંહિતાના ભંગ સમાન હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે.

સંતરામપુર શહેરના વિવિધ મોહલ્લાઓ અને વિસ્તારોમાં ખાનગી મકાનો તેમજ જાહેર સ્થળોની દીવાલો પર પક્ષીય રંગોથી રંગાયેલા પોસ્ટરો દુર ન થતા વિવાદ ગરમાયો છે. ખાસ કરીને આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા લખાણો જેવા કે "ના બેટા નું, ના બાપનું, હવે ગુજરાત આપનું" અને પક્ષના નિશાન 'ઝાડુ' ના ચિત્રો ઠેર-ઠેર દેખાઈ રહ્યા છે. આ પ્રકારની પ્રચાર સામગ્રી આચારસંહિતાના નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરતી હોવા છતાં સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તેને હટાવવાની તસ્દી લેવામાં આવી નથી.

સ્થાનિક નાગરિકોનો આક્ષેપ છે કે, ચૂંટણીની જાહેરાત બાદ તંત્રએ તાત્કાલિક ધોરણે આ પ્રકારના પોસ્ટરો દૂર કરવા જોઈતા હતા, પરંતુ વહીવટી તંત્રની નિષ્ક્રિયતાને કારણે લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. લોકોની પ્રબળ માંગ છે કે સંતરામપુર તાલુકા વહીવટી તંત્ર આચારસંહિતાનો કડક અમલ કરાવે અને તમામ રાજકીય પોસ્ટરો દૂર કરી નિષ્પક્ષ અને પારદર્શક ચૂંટણી પ્રક્રિયા થાય તે માટે પગલાં ભરવા માંગ ઉઠી છે.

## વીરપુરમાં આચારસંહિતા વચ્ચે પશુ એમ્બ્યુલન્સ પર નેતાઓના ફોટા દેખાતા વિવાદ

મહિસાગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થતાં જ આચારસંહિતા લાગુ કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે તંત્ર દ્વારા જાહેર સ્થળો પરથી રાજકીય પ્રચારના સાહિત્ય દૂર કરવા અથવા તેના પર રંગરોગાન કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જોકે, વીરપુર વિસ્તારમાં આ કડક અમલવારી વચ્ચે પશુ સારવાર માટેની એમ્બ્યુલન્સ પર પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીના ફોટા હજુ પણ દેખાઈ રહ્યા છે, જે આચારસંહિતાના ભંગ સમાન હોવાનું મનાઈ રહ્યું છે. સ્થાનિક લોકો પ્રશ્ન કરી રહ્યા છે કે જ્યારે સામાન્ય બેનરો દૂર કરાય છે ત્યારે સરકારી સુવિધા પૂરી પાડતા વાહનો પરના પ્રચારાત્મક ચિત્રો કેમ હટાવવામાં આવ્યા નથી? નોંધનીય છે કે આ અગાઉ પણ કોંગ્રેસના સ્થાનિક પ્રમુખ દ્વારા આચારસંહિતા ભંગની ફરિયાદ કરવામાં આવી હતી.



## નડિયાદમાં ભાજપ દ્વારા ખડગેના નિવેદન સામે ઉગ્ર ધરણા યોજાયાં




વડાપ્રધાન મોદી અને ગુજરાતના લોકો વિશે મલ્લિકાર્જુન ખડગેના નિવેદન સામે નડિયાદ ભાજપ દ્વારા ધરણા યોજાયા હતાં. નડિયાદ મહાનગરપાલિકાના દ્વારે યોજાયેલા આ વિરોધમાં પ્રદેશ સહપ્રવક્તા શ્વેતાબેન બ્રહ્મભટ્ટ સહિતના આગેવાનો જોડાયા હતા. 'ગુજરાતના અભણ લોકો' વાળા નિવેદનને ભાજપે દુર્ભાગ્યપૂર્ણ અને અપમાનજનક ગણાવીને ઉગ્ર રોષ વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા-શહેર સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરો ખડગેના વાણીવિલાસ સામે મોટી સંખ્યામાં ઉમટી પડ્યાં હતાં. **તસવીર : જશવંતસિંહ રાઠોડ**

# આણંદમાં મહિલા માટે ઘરવેરો માફ કરાશે : કોંગ્રેસ

**આણંદના** સર્વાંગી વિકાસ માટે કોંગ્રેસનો 'જનતાનો મેનિફેસ્ટો' જાહેર

(પ્રતિનિધિ) આણંદ તા.9

આણંદ શહેરના સર્વાંગી વિકાસ માટે કોંગ્રેસ પક્ષ દ્વારા 'જનતાનો મેનિફેસ્ટો' જાહેર કરવામાં આવ્યો છે. રાજકીય ઈતિહાસમાં પ્રથમ વખત 'કોંગ્રેસ આપને દ્વાર' કાર્યક્રમ હેઠળ દરેક ઘર સુધી પહોંચીને અને 'જનમંચ' દ્વારા સરકારી કચેરીઓમાં ન સાંભળવામાં આવતી રજૂઆતો મેળવીને પ્રજાની અપેક્ષાઓ મુજબનું આ વચનપત્ર તૈયાર કર્યું છે.

આ મેનિફેસ્ટોમાં મહિલા સશક્તિકરણ પર ભાર મૂકતા જણાવાયું છે કે, જો ઘર મહિલાના નામે હશે તો સંપૂર્ણ ઘરવેરો માફ કરવામાં આવશે અને નવી AC બસોમાં મહિલાઓ, વિદ્યાર્થીઓ તથા સિનિયર સિટિઝનોને નિ:શુલ્ક મુસાફરી કરાવાશે. યુવાનો માટે એઆઈ આધારિત વ્યાવસાયિક કોર્સની નિ:શુલ્ક તાલીમ અને નગરપાલિકાની નોકરીઓમાં સ્થાનિકોને પ્રાધાન્ય સાથે કાયમી ભરતીનું વચન અપાયું છે.

આ ઉપરાંત નગરરચના અંતર્ગત કરમસદ અને વલ્લભ વિદ્યાનગરને સ્વતંત્ર રાખવાની માંગ સાથે રસ્તા પહોળા કરવા અને ટ્રાફિક સમસ્યાના કાયમી નિકાલની ખાતરી અપાઈ છે. આ પ્રસંગે પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા હેમાંગભાઈ રાવલજી, મુકેશભાઈ પંચાલ, વિરેન્દ્રસિંહ ચાવડા, જીલ્લા પ્રમુખ અલ્પેશભાઈ પઢિયાર અને મહર્ષિભાઈ પટેલ સહિતના નેતા હાજર રહ્યા હતા.

# વીરપુર પંથકમાં કરા સાથે મીની વાવાઝોડામાં 50 વીજ પોલ તૂટ્યાં

**જોધપુર, આસપુર** અને ધોળીડુંગરીમાં કરા પડ્યા

(પ્રતિનિધિ) વીરપુર તા.9

મહિસાગર જિલ્લાના વીરપુર તાલુકામાં મંગળવારે સાંજના સમયે અચાનક વાતાવરણમાં પલટો આવતા મીની વાવાઝોડા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. દિવસભરની ગરમી બાદ સાંજે આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને ભારે પવન ફૂંકાવા લાગ્યો હતો. આ કુદરતી આફતના કારણે તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે નુકસાનના અહેવાલો પ્રાપ્ત થયા છે.


તસવીર: નાથુસિંહ પરમાર

વીરપુરના પંથકમાં ભારે પવનની તીવ્રતા એટલી વધુ હતી કે, જોધપુર, આસપુર, ધોળીડુંગરી અને ગુદેલા સહિતના વિસ્તારોમાં અંદાજે 50 જેટલા વીજ પોલ ધરાશાયી થઈ ગયા હતા. જેના પરિણામે અનેક ગામોમાં વીજ પુરવઠો ખોરવાતા અંધારપટ છવાઈ ગયો હતો. વીજ પોલ ઉપરાંત અનેક સ્થળોએ વૃક્ષોની ડાળીઓ તૂટી પડતા રસ્તા પરની અવરજવરને પણ અસર પહોંચી હતી. જોકે, સદનસીબે આ સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

વીરપુરના વાતાવરણમાં આવેલા પલટાને પગલે જોધપુર અને આસપુર સહિતના પંથકમાં કરા સાથે વરસાદ ખાબક્યો હતો. અચાનક શરૂ થયેલા પવન અને વરસાદને કારણે સ્થાનિકોમાં અફરાતફરી મચી ગઈ હતી.વીજ વિભાગની ત્વરિત કામગીરી ઘટનાની ગંભીરતાને જોતા વીજ વિભાગ તુરંત એક્શનમાં આવ્યું હતું. તંત્ર દ્વારા તાત્કાલિક 10 જેટલી ટીમો બનાવીને યુદ્ધના ધોરણે સમારકામ હાથ ધરવામાં આવ્યું હતું.

વીજ કર્મચારીઓની ભારે જહેમત બાદ મોડી રાત સુધીમાં ધરાશાયી થયેલા પોલ સુધારીને પ્રભાવિત વિસ્તારોમાં વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી દેવામાં આવ્યો હતો.

# મહીસાગર જિ.માં ખડગેના નિવેદન સામે ઉગ્ર રોષ

**મહીસાગર ભાજપ** પ્રમુખ દશરથભાઈ બારીયા આંકરા શબ્દોમાં નિવેદનને વખોડ્યું




(પ્રતિનિધિ) લુણાવાડા તા.9

મહીસાગર જિલ્લામાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે દ્વારા ગુજરાતીઓ પ્રત્યે કરવામાં આવેલી ટિપ્પણીનો ઉગ્ર પડઘો પડ્યો છે. લુણાવાડા ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયાએ આ નિવેદનને 6.5 કરોડ ગુજરાતીઓનું અપમાન ગણાવી સખત શબ્દોમાં વખોડી કાઢ્યું છે.

મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખ દશરથભાઈ બારીયાએ જણાવ્યું હતું કે, કેરળમાં ચૂંટણી પ્રચાર દરમિયાન મલ્લિકાર્જુન ખડગેએ ગુજરાતીઓને 'અભણ' અને 'મૂર્ખ' કહીને દેશ-વિદેશમાં વસતા તમામ ગુજરાતીઓની લાગણી દુભાવી છે. તેમણે કોંગ્રેસને આડે હાથ લેતા ઉમેર્યું કે, જે ગુજરાતે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી અને લોખંડી પુરુષ સરદાર પટેલ જેવા વિદ્વાન નેતાઓ આપ્યા છે, તે ગુજરાતના લોકોને અભણ કહેવા તે કોંગ્રેસની હલકી માનસિકતા દર્શાવે છે. તતેઓએ કોંગ્રેસના સ્થાનિક નેતાઓને પણ તેમના હાઈકમાન્ડને સમજાવવા ટકોર કરવામાં આવી હતી.

# આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

## દેવાતજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' અંતર્ગત મહિલાઓ માટે પ્રાકૃતિક ખેતી વિષય પર વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. ડી.એમ. રાઠોડે પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તૃત સમજ આપી હતી, જ્યારે અંજલી જાદવે બહેનોને કિચન ગાર્ડન અને ગૃહ ઉદ્યોગ થકી આર્થિક રીતે પગભર થવા પ્રેરણા આપી હતી. આ કાર્યક્રમ દરમિયાન ખેડૂત બહેનોને જીવામૃત બનાવવાની પદ્ધતિનું જીવંત નિદર્શન આપવામાં આવ્યું હતું જેથી તેઓ ખેતીમાં તેનો અસરકારક ઉપયોગ કરી શકે. આ પ્રસંગે ઉપસ્થિત મહિલાઓએ કેન્દ્રના વિવિધ પ્રદર્શન એકમો જેવા કે વર્મીકમ્પોસ્ટ, નર્સરી અને પશુપાલન યુનિટની મુલાકાત લઈ પ્રત્યક્ષ જાણકારી મેળવી હતી.

## ચારુસેટમાં સેમિકન્ડક્ટર સર્કિટ ડિઝાઇન અને ચિપ લેઆઉટ પર રાષ્ટ્રીય વર્કશોપ યોજાયો



**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીની સીએસપીઆઈટી કોલેજના ઇસી વિભાગ દ્વારા 'સેમિકન્ડક્ટર સર્કિટ ડિઝાઇન' વિષય પર ત્રણ દિવસીય રાષ્ટ્રીય સ્તરની વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજકોસ્ટ અને DST-ગુજરાતના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં વિવિધ યુનિવર્સિટીઓના 38 વિદ્યાર્થીઓએ કેડેન્સ ટૂલ્સના ઉપયોગ દ્વારા સર્કિટ ડિઝાઇનિંગનું પ્રેક્ટિકલ જ્ઞાન મેળવ્યું હતું. 'ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન'ના હેતુઓને સાકાર કરવા માટે નિષ્ણાતો દ્વારા વિદ્યાર્થીઓને ચિપ લે-આઉટ, સર્કિટ સિમ્યુલેશન અને વેરિફિકેશન ટેકનિક્સ અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન અપાયું હતું. આ વર્કશોપમાં વિદ્યાર્થીઓને ઉદ્યોગલક્ષી તાલીમની સાથે રિસર્ચ પેપર લેખન માટે પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

## એઇઆરસી સંસ્થામાં 'સંશોધન પત્ર લેખન' વિષય પર રાજ્ય સ્તરીય કાર્યશાળા યોજાઈ



**આણંદ** | સરદાર પટેલ યુનિવર્સિટીના એગ્રો-ઈકોનોમિક રિસર્ચ સેન્ટર દ્વારા આયોજિત આ વર્કશોપમાં 200 જેટલા વિદ્યાર્થીઓ અને યુવા શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન અને કુલપતિ પ્રોફેસર ડો. નિરંજન પટેલે રાષ્ટ્ર નિર્માણ માટે સંશોધન કાર્યમાં નૈતિકતા અને પ્રામાણિકતા જાળવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. વર્કશોપમાં નિષ્ણાત વક્તાઓએ વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત સંશોધન પત્રો અને સંશોધન દરખાસ્તો તૈયાર કરવા માટેની તકનીકી સમજ અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના 'કેસીજી' દ્વારા સમર્થિત આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય યુવા સંશોધકોમાં સંશોધન પ્રત્યે રસ અને જાગૃતિ કેળવવાનો હતો.

## કપડવંજ એસ.ટી. ડેપો હોળી પર્વે ડિવિઝનમાં પ્રથમ સ્થાન મેળવતા સન્માન સમારંભ યોજાયો



**નડિયાદ** | હોળીના તહેવારમાં વધારાની બસોના સંચાલન દ્વારા સમગ્ર નડિયાદ ડિવિઝનમાં સર્વોચ્ચ આવક મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ કપડવંજ ડેપો ખાતે પ્રોત્સાહન કાર્યક્રમ યોજાયો હતો. ડિવિઝનલ કંટ્રોલરના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ પ્રસંગે વિવિધ અધિકારીઓ અને યુનિયન અગ્રણીઓની ઉપસ્થિતિમાં કર્મનિષ્ઠ કર્મચારીઓને સન્માનિત કરાયાં હતાં. વિભાગીય નિયામક દ્વારા કર્મચારીઓની કામગીરીને બિરદાવી આગામી સમયમાં પણ એકજૂટ થઈ મુસાફર જનતાની સેવા અને નિગમની આવક વધારવા માટે અપીલ કરવામાં આવી હતી. આ કાર્યક્રમની સાથે વય મર્યાદાના કારણે નિવૃત થતા ડ્રાઈવર એસ. એસ. પટેલનો ભાવભીનો વિદાય સમારંભ પણ ડેપો મેનેજર કલ્યાણીની હાજરીમાં સંપન્ન થયો હતો.

## દીવડા કોલોની સ્થિત શ્રેયસ વિદ્યાલયમાં વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરાઇ



**લુણાવાડા** | દીવડા કોલોની સ્થિત શાળામાં વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને ખીલવવા અને આત્મવિશ્વાસ વધારવા વાર્ષિકોત્સવનું ઉત્સાહભેર આયોજન કરાયું. વિદ્યાર્થીઓએ બેટી બચાવો, પર્યાવરણ જાળવણી અને દેશભક્તિ જેવા પ્રસ્તુત વિષયો પર સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતાં. શાળાના આચાર્યે બાળકના સર્વાંગી વિકાસ માટે પુસ્તકિયા જ્ઞાનની સાથે રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને અનિવાર્ય ગણાવી હતી. આ કાર્યક્રમના અંતે શૈક્ષણિક અને રમતગમત ક્ષેત્રે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા હતાં.

## આણંદની કસ્તુરબા કન્યા વિદ્યાલયમાં ઇકો ક્લબ દ્વારા 'ઔષધીય બાગ'નું નિર્માણ



**આણંદ** | પર્યાવરણ સંવર્ધનના હેતુથી ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત શાળામાં ઔષધીય બાગ અને કિચન ગાર્ડન તૈયાર કરાયો છે. આચાર્યા અને સુપરવાઈઝરના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીનીઓએ અશ્વગંધા, પર્ણકૂટી અને ડમરો જેવા છોડનું રોપણ કર્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓને છોડની વિશિષ્ટતાઓ અને રસોડામાં વપરાતી વસ્તુઓના ઔષધીય ઉપયોગો વિશે વિસ્તૃત માહિતી અપાઈ હતી. વિદ્યાર્થીનીઓએ ઔષધીય છોડ પર સ્વરચિત કવિતાઓનું પઠન કરી પર્યાવરણ પ્રત્યેની પોતાની જાગૃતિ વ્યક્ત કરી હતી.

## ખાનપુરના કેટના તેજસ્વી તારલાઓનો 'સાયન્સ સિટી' પ્રવાસ યોજાયો



**ખાનપુર** | ખાનપુર તાલુકા પંચાયત દ્વારા કેટના 21 તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સાયન્સ સિટી, અમદાવાદનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો. ટીપીઇઓ નીરવભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બાળકોએ એક્વેરિયમ, થ્રીડી મૂવી અને નેચર પાર્કની રોમાંચક મુલાકાત લીધી. તજજ્ઞ શિક્ષકો હેમંત જોષી, દિક્પાલભાઈ અને નિખિલભાઈએ બાળકોને વિજ્ઞાન પ્રદર્શનો વિશે ગહન સમજ આપી હતી. શિક્ષણ શાખાએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી સહયોગી આચાર્યો અને વાલીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## આણંદની વિ. ઝેડ. પટેલ કોમર્સ કોલેજમાં વાર્ષિક ઈનામ વિતરણ અને સાંસ્કૃતિક ઉત્સવ



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલીત વી.ઝેડ. કોમર્સ કોલેજ દ્વારા ડી.એન. હાઇસ્કૂલ કેમ્પસ ખાતે વાર્ષિક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે એસ.પી. યુનિવર્સિટીના કુલપતિ ડો. નિરંજનકુમાર પટેલ અને સોસાયટીના અધ્યક્ષ નિરવકુમાર પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ દરમિયાન શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને મહાનુભાવોના હસ્તે પારિતોષિક આપી સન્માનિત કરાયાં હતાં. ઇન-ચાર્જ પ્રિન્સિપાલ ડો. ભારતીબેન રાજના સંચાલન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સંસ્થાના અન્ય હોદ્દેદારો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

## વસોના પીજ પીએમશ્રી શાળાના વિદ્યાર્થીઓએ સાયન્સ સીટીની મુલાકાત લઈ મેળવ્યું વિજ્ઞાનનું જ્ઞાન




**વસો** | ભારત સરકારની પીએમશ્રી યોજના હેઠળ પીજ શાળાના બાળકો માટે ગાંધીનગર સાયન્સ સીટીની એક દિવસીય એક્સપોઝર વિઝિટનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ રોબોટિક, એસ્ટ્રોનેટ સ્પેસ અને એક્વેટિક ગેલેરીમાં નિષ્ણાતો પાસેથી માહિતી મેળવી વિજ્ઞાનની અદભૂત દુનિયાનો પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. વર્ગખંડના શિક્ષણને કાયમી જ્ઞાનમાં બદલવાના હેતુ સાથે યોજાયેલ આ પ્રવાસમાં બાળકોએ આકર્ષક ડ્રોન શોની પણ મજા માણી હતી. આ નિ:શુલ્ક મુલાકાત બદલ શાળાના આચાર્ય સંદીપભાઈ અને એસએમસીએ સરકારશ્રીની આ યોજનાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## નોર્થ ઈસ્ટ યુથ ફેસ્ટિવલમાં જીટીયુના NSSE સ્વયંસેવકોએ ગુજરાતનું ગૌરવ વધાર્યું




**આણંદ** | નાગાલેન્ડ સરકાર દ્વારા આયોજિત આ ફેસ્ટિવલમાં ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના આઠ NSS સ્વયંસેવકો અને ઇન્ચાર્જ ડો. વિકાશ અગ્રવાલે સફળતાપૂર્વક ભાગ લીધો હતો. પાંચ દિવસીય કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ ઉત્તર-પૂર્વના રાજ્યોની સંસ્કૃતિને જાણી અને પરંપરાગત વેશભૂષામાં ગરબા રજૂ કરી 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની ભાવના સાકાર કરી હતી. દેશભરના 20થી વધુ રાજ્યોના 200 સ્વયંસેવકો સાથે વિચારોના આદાન-પ્રદાન દ્વારા રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક સમન્વયના પાઠ શીખ્યા હતાં, જીટીયુના વિદ્યાર્થીઓની આ સકારાત્મક કામગીરીને રીજનલ ડાયરેક્ટર ડો. કમલકુમાર કર અને યુનિવર્સિટીના હોદ્દેદારોએ બિરદાવીને શુભેચ્છાઓ પાઠવી હતી.

## બાકરોલની સ્પેક એમ.બી.એ. કોલેજમાં 'મેનેજમેન્ટ ડેઝ'ની ઉત્સાહભેર ઉજવણી કરાઇ



**આણંદ** | તિરૂપતિ ફાઉન્ડેશન ટ્રસ્ટ સંચાલિત સરદાર પટેલ એજ્યુકેશન કેમ્પસ (સ્પેક), બાકરોલ ખાતે વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવા માટે 'મેનેજમેન્ટ ડેઝ'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પાંચ દિવસીય ઉજવણીમાં પ્રોફેશનલ ડે, ટ્રેડિશનલ ડે અને બોલિવૂડ ડે જેવી વિવિધ થીમ દ્વારા વિદ્યાર્થીઓએ ટીમવર્ક અને ભારતની સાંસ્કૃતિક પરંપરાના દર્શન કરાવ્યા હતા. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ શૈક્ષણિક પ્રવૃતિઓ ઉપરાંત પોતાની કળા-કૌશલ્યનું સુંદર પ્રદર્શન કર્યું હતું. આ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના સેક્રેટરી શીતલ પટેલ તથા ટ્રસ્ટી મંડળે તમામ સહભાગીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.